# પ્રેરણા વિદ્યાલય ખાતે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયમાં 'વાંચે ગુજરાત' અંતર્ગત છ દિવસ સુધી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, તે અંતર્ગત આજે ઈનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહેન્દ્રભાઈ પટેલ તથા ઋચિર ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) તથા ભાજપના પૂર્વ પ્રમુખ ઋચિર ભટ્ટને સુતરની આંટી તથા શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું.

વાંચે ગુજરાત અંતર્ગત જુદી-જુદી સ્પર્ધાઓમાં વિજેતા બનનાર હેમાંગી ડાભી, શુભમ યાદવ અને શાળાનાં શિક્ષિકા ક્રિષ્નાબેનને અતિથિઓના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શાળાના ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા પૂર્વ આચાર્યા સ્વાતિબા રાઓલે આ પ્રસંગે ઉપસ્થિત રહી પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમના અંતે શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રીએ આભારવિધિ કરી હતી.

## ગુજરાત યુનિવર્સિટી દ્વારા

# વિદેશ જતા વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સકીપ્ટ અંગે સરળતા

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ટ્રાન્સકીપ્ટ માટે વિદ્યાર્થીઓને સરળતા કરી આપવામાં આવી છે.

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી જેઓ વિદેશ જાય તેઓએ ટ્રાન્સકીપ્ટ આપવી પડે છે. અત્યાર સુધી ટ્રાન્સકીપ્ટ આપવાની સત્તા કોલેજો પાસે હતી. પરંતુ હવે પછી વિદ્યાર્થીઓ પોતે જ ટ્રાન્સકીપ્ટ તૈયાર કરીને યુનિવર્સિટી પાસે વેરિફિકેશન કરાવી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

વિદેશમાં અભ્યાસ માટે જતાં વિદ્યાર્થીઓએ કયા વિષયો સાથે સ્નાતક અથવા તો અનુસ્નાતકની ડિગ્રી મેળવી છે તેની વિગતો રજૂ કરવી પડે છે. આ વિગતો સાચી છે તે દર્શાવવા માટે યુનિવર્સિટીના સહીસિક્કા પણ જરૂરી હોય છે. અત્યાર સુધી વિદ્યાર્થીઓ કોલેજ પાસે જઈને ટ્રાન્સકીપ્ટ તૈયાર કરાવીને યુનિવર્સિટીમાં આવીને વેરિફિકેશન કરાવી લેતાં હતા. પરંતુ કેટલીક કોલેજો પાસે જૂના રેકર્ડ ન હોવાથી ટ્રાન્સકીપ્ટ તૈયાર થઈ શકતી નહોતી. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓ જાતે જ ટ્રાન્સકીપ્ટ તૈયાર કરાવીને વેરિફિકેશન માટે યુનિવર્સિટી પાસે આવતા હતા. પરંતુ આ પ્રકારની કાર્યવાહીમાં વિદ્યાર્થીઓને ભારે હેરાનગતિ ભોગવવી પડતી હતી.

હવે યુનિવર્સિટીએ એક નવું સોફ્ટવેર તૈયાર કર્યું છે. જેમાં વિદ્યાથીઓની ટ્રાન્સકીપ્ટ સીધી તૈયાર કરીને તેનું વેરિફિકેશન કરી શકાશે. આ પ્રકારની કાર્યવાહીના કારણે વિદ્યાર્થીઓએ કોલેજ અને પ્રાઈવેટ કલાસીસ પાસે નહી જવું પડે. ઉલ્લેખનીય છે કે કુલપતિના જણાવ્યાનુસાર યુનિવર્સિટીમાં ૧૯૪૯થી લઈને ૨૦૧૪ સુધીનો તમામ રેકર્ડ ડિજિટલાઈઝ કરી દેવામાં આવ્યો છે, જેના લીધે ટ્રાન્સકીપ્ટ તૈયાર કરવામાં વધારે સમય પણ નહીં લાગે અને વેરિફિકેશન માટે રાહ પણ નહીં જોવી પડે.

## ગુજરાત લૉ યુનિ. ખાતે ઍન્ટી-ડૉપિંગ અને સ્પૉટ્ર્સ વિષયે બે દિવસીય વર્કશૉપ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના પાદરે સ્થિત ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે ઍન્ટી-ડૉપીંગ રેગ્યુલેશન અને સ્પૉટ્ર્સ વિષયે બે દિવસીય તાલીમ વર્કશૉપનો આરંભ આજથી કરવામાં આવ્યો છે.

'ઍન્ટી ડૉપિંગ રેગ્યુલેશન્સ ઍન્ડ ગૂડ ગવર્નન્સ ઈન સ્પૉટ્ર્સ' શિર્ષક હેઠળના આ તાલીમ વર્કશૉપમાં વિષયને લગતા નિષ્ણાતો ભાગ લઈ રહ્યા છે, જેમાં સ્પૉટ્ર્સ લૉયર વિદુષ્પાત સિંઘાનિયા, રાષ્ટ્રીય કક્ષાના પૂર્વ બેડમિંટન ખેલાડી સુધાંશુ ફડનીસ, પશ્ચિમ બંગાળ નૅશનલ યુનિવર્સિટી ઑફ જ્યુરિડિકલ સાયન્સનાં શિક્ષણવિદ ડૉ. લવલી દાસગુપ્તા, જીએનએલયુનાં ડૉ. રિચા શર્મા અને પ્રતિમા દુબે સામેલ છે.

ઉલ્લેખનીય છે કે વિષયની વિસ્તૃત સમજ માટે વર્કશૉપ અંતર્ગત બે દિવસમાં કુલ ૧૨ સૅશન આયોજિત કરવામાં આવ્યાં છે.

# બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા કોસ્ટ ગાર્ડ્સને તાલીમ



ગાંધીનગર, તા. ૩૦

પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયની સિક્યુરિટી સર્વિસ વિંગના નેજા તળે સ્થાનિક સેવા કેન્દ્ર, સૅક્ટર-૨૮ દ્વારા ભારતીય કોસ્ટ ગાર્ડ સેક્ટર, સૅક્ટર-૧૩ ખાતે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત સ્ટ્રેસ મૅનેજમૅન્ટ, હાર્મોનિયસ રીલેશન, આર્ટ ઑફ હૅપ્પી લિવિંગ, ઍનહેન્સીંગ ઈનર સ્ટ્રેન્થ અને ગાઈડેડ મૅડિટેશન જેવા વિષયો આવરી લેવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં દિલ્હીથી કર્નલ બી સી સતી, સંસ્થાના આંતરરાષ્ટ્રીય કેન્દ્ર - માઉન્ટ આબુથી ગીતાબેન, ગુજરાત ઝોન કાર્યાલય - અમદાવાદથી નંદાબેન અને કર્નલ વિકાસે વિભિન્ન વિષયની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન મારફતે વિગતવાર છણાવટ કરી ડ્રીલ સાથે અનુભૂતિ કરાવી હતી. મેઘાબેને કોમેન્ટ્રી સાથે મૅડિટેશનનો અભ્યાસ કરાવ્યો હતો.

સ્વાગત પ્રવચન કૈલાશદીદી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે કોસ્ટ ગાર્ડની રક્ષા કરવાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત ૭૦ જેટલા જવાનોને આધ્યાત્મિક પુસ્તક ઉપરાંત પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
રૉકી હૅન્ડસમ
૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
૩ ડોબા (ગુજરાતી)
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૪૫, ૧૦.૦૦
જય ગંગાજલ
૭.૦૦

**સ્ક્રીન-૫**
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦, ૧.૧૫, ૯.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૩.૪૫, ૬.૪૫

# બાળકોને પ્રકૃતિની નજીક રાખવાની આવશ્યકતા

## ટેક્નોલોજીના અતિરેકથી બચાવીશું તો નવી પેઢી સ્વસ્થ રહેશે : અમ્મા

ગાંધીનગર, તા. ૩૦

બાળકોને પ્રકૃતિની નજીક રાખવાની આવશ્યકતા છે... ટેકનોલોજીના અતિરેકથી બચાવીશું તો નવી પેઢી સ્વસ્થ રહેશે એવા ઉપયોગી સૂચનો અમ્માએ અમદાવાદ ખાતે ભાવિકજનો સમક્ષ ઉચ્ચાર્યાં હતાં.

માતા અમૃતાનંદમયીદેવી 'અમ્મા'એ મંગળવારે શહેરનાં એ.ઈ.એસ. ગ્રાઉન્ડ ખાતે સત્સંગ-ભજન-ધ્યાન અને દર્શનનાં કાર્યક્રમમાં આ વિષયે બોલતાં જણાવ્યું હતું કે 'ગત વર્ષે અમેરિકામાં એક છોકરાએ મારી પાસે આત્મહત્યા માટે પરવાનગી માગી, મેં તેને કહ્યું કે થોડા સમય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સથી દૂર રહે અને ત્યારબાદ તેને સ્વસ્થ બની શક્યો. એટલે કે નવી પેઢીને માનસિક, શારીરિક સ્વસ્થ રાખવી હોય તો મૂલ્ય આધારિત શિક્ષણની આવશ્યકતા છે. જે ટેકનોલોજીના અતિરેકથી દૂર રાખીને પ્રકૃતિની નજીક રાખે છે.'

આ કાર્યક્રમમાં પુસ્તક અને સોવેનિયરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતુ અનેવ સાથે જ અમ્મા દ્વારા દત્તક લેવાયેલા નાની બોરવાઈ ગામનાં લોકોએ તેમનાં જીવનમાં પરિવર્તન આવતાં કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે અમ્માને છોડ-ફળ અર્પણ કર્યા હતા. અમ્માએ જણાવ્યું કે બાળકોને યોગ, વ્યાયામ શીખવવાની જરૂર છે. ખાસ કરીને પ્રકૃતિનો આદર કરો. ઘરે ઉગાડેલા ઓર્ગેનિક શાકભાજી વાપરો. એટલી જગ્યા ન હોય તો અઠવાડિયે એકવાર આવું કરી જુઓ.

વ્યક્તિમાત્રને બાળપણથી જ સુખી જીવન જીવવાની જ્ઞાન આપવાની જરૂર છે. માત્ર માહિતી નહીં પરંતુ શિક્ષકે જ્ઞાન આપવાનું છે, જે બાળકને વિવેક આપી શકે. તો જ વિશ્વ આતંકવાદ, યુદ્ધથી રહિત બનશે. આજે વિશ્વમાં નિરાશ્રિતોની સંખ્યા વધી રહી છે, અનેક દેશોની અર્થવ્યવસ્થા તૂટી રહી છે, તે ચિંતાનો વિષય છે અને માટે જ નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો અનિવાર્ય બની ગયા છે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જન્મજયંતિના ભાગરૂપે

# 'સૌરાષ્ટ્રની આંબેડકરી ચળવળનો ઈતિહાસ' ગ્રંથનું વિમોચન કરાયું



ગાંધીનગર, તા. ૩૦

ડૉ. બાબાસાહેબ આંબેડકરની સવાસોમી જન્મજયંતિ વર્ષની ઉજવણીના ભાગરૂપે પ્રકાશક - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત દ્વારા ડૉ. અમિત પ્રિયદર્શી જ્યોતિકર લિખિત ગ્રંથ 'સૌરાષ્ટ્રની આંબેડકરી ચળવળનો ઈતિહાસ (ઈસ ૧૯૩૦-ઈસ ૨૦૦૦)'નું વિમોચન ઍમ જે લાયબ્રેરી ઑડિટોરિયમ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું હતું.

ગ્રંથના લેખકે આ પ્રસંગે જણાવ્યું હતું કે દરેક પીડિત પ્રજાને પોતાનો ઈતિહાસ જાણવાનો અધિકાર છે અને જે પ્રજા પોતાના ઈતિહાસથી અજાણ હશે તેને તે ઈતિહાસ ફરી જીવવો પડે છે. વર્ષોથી ગાંધીજીની સ્વતંત્રતાની ચળવળની સમાંતરે ડૉ. આંબેડકરે પણ ચળવળ ચલાવી હતી. આ સમગ્ર ગ્રંથમાં દલિતો, શોષિતોની રક્તરંજિત હૃદયવિદારક ઘટનાઓના વિષયવસ્તુને આવરી લેવામાં આવ્યો છે. એમાં આંબેડકરી આંદોલનમાં 'ખાતર થઈ ખપી ગયેલા' કેટલાંય નામી-અનામી લોકોનો ઈતિહાસ છે.

આઈ કે જાડેજાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે સમાજ દોલત, દંડા કે કાયદાથી સુધરતો નથી. તેને વિચારધારાથી સુધારી શકાય છે. સમાજને સમતાનો સાચો રસ્તો બતાવવા બાબાસાહેબે કરેલ સ્તુત્ય પ્રયત્નોને આ પુસ્તક દ્વારા સાચી અંજલિ આપવામાં આવી છે.

ભાવનાબેન દવેએ જણાવ્યું હતું કે ડૉ. આંબેડકર માત્ર દલિત સમાજના નેતા નથી, એ તો વિશ્વવિભૂતિ છે. મહિલાઓ માટે હિન્દુ કોડ બિલ, મજૂરો માટે મજૂર કાયદા તેમજ લોકશાહીમાં તટસ્થ ચૂંટણી પંચના તેઓ હિમાયતી હતા અને સમગ્ર સમાજના નેતા હતા.

પુસ્તક સમીક્ષક ડૉ. પી જી જ્યોતિકરે જણાવ્યું હતું કે આ ગ્રંથમાં ભૂતકાળમાં આંબેડકરના અનુયાયીઓ દ્વારા થયેલા આંદોલનને ખૂબ જ માહિતીસભર રીતે મૂકવામાં આવ્યું છે, જે આવનારી પેઢી માટે ખૂબ જ માર્ગદર્શક સાબિત થશે.

# વૉશિંગ્ટન એપ્પલ વેગન ટૂર ૪ એપ્રિલે ગાંધીનગર પહોંચશે




ગાંધીનગર, તા. ૩૦

ગરમીની મોસમમાં તાજગી અને ભારતમાં તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે વૉશિંગ્ટન એપ્પલ કમીશન (ડબલ્યુએસી) ૭૦ શહેરોમાં બેજોડ દેશવ્યાપી રોડ-શો એપ્પલ વેગન ટૂરનું આયોજન કરી રહ્યું છે. વૉશિંગ્ટન એપ્પલનો આ મેગા રોડ શો ૪ એપ્રિલના રોજ ગાંધીનગર પહોંચશે. વૉશિંગ્ટન સ્ટેટના બગિચાઓમાંથી આ એપ્પલ વેગન સર્વશ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત સફરજન લઈને મુખ્ય શહેરોમાં આવી રહ્યું છે.

આ રોડ-શો બે મહિના સુધી ચાલશે અને તેનું લક્ષ્ય સફરજન પ્રેમીઓને ભારતમાં ઉપલબ્ધ વિવિધ સ્વાદિષ્ટ પ્રકારોની જાણકારી આપવાનો છે. ઉલ્લેખનીય છે કે દૈનિક એક સફરજન ખાવાથી આપણે સ્વસ્થ રહીએ છીએ. એપ્પલ વેગન ઉપર નાગરિકો આકર્ષક ઈનામ જીતી શકે છે. આ વેગન દર સપ્તાહે વૉશિંગ્ટન એપ્પલ ગિફ્ટ હેમ્પર જીતવાનો મોકો આપશે. આ માટે નાગરિકે વૉશિંગ્ટન એપ્પલ ફોન બૂથ પર રોચક અને મનોરંજક પિક્ચર્સ લઈને તેને સોશિયલ મીડિયા પેજ પર અપલોડ કરીને મહત્તમ લાઈક્સ મેળવવાની રહેશે.

આ અભિયાન અંગે ભારતમાં વૉશિંગ્ટન એપ્પલ કમીશનના પ્રતિનિધિ શ્રી કીથ સુંદરલાલે જણાવ્યું હતું કે, "ગત વર્ષે પ્રથમ એપ્પલ વેગન ટૂરની અપાર સફ્ફતા બાદ અમે સમજદાર ગ્રાહકો માટે રોડ-શોની બીજી સીઝનની જાહેરાત કરતાં ઘણાં ઉત્સાહિત છીએ. અમારું માનવું છે કે વૉશિંગ્ટન એપ્પલ ઓરિજનલ હેલ્થ ફ્રુટ છે અને આ ગરમીમાં વૉશિંગ્ટન એપ્પલ તમને શ્રેષ્ઠ સ્વાદ પ્રદાન કરશે. સ્પર્ધા, ગેમ્સ અને અન્ય રસપ્રદ પ્રવૃત્તિઓ સાથે અમે ભારતમાં વધુને વધુ ગ્રાહકો સુધી પહોંચવા અને તેમના સુધી વૉશિંગ્ટન એપ્પલની તાજગી અને સ્વાદ પહોંચાડવા માગીએ છીએ. અમને વિશ્વાસ છે કે આ રોડ-શો આ ક્ષેત્રના લોકોને વૉશિંગ્ટન એપ્પલના ફેન બનાવી દેશે."

# ગુજરાત યુનિવર્સિટી દ્વારા એક્સટર્નલ વિદ્યાર્થીઓની પરીક્ષા લેઈટ ફી પરત કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા દાખવવામાં આવેલી બેદરકારીના કારણે વિદ્યાર્થીઓ પાસેથી ગેરકાયદે વસુલાયેલી ૫૦ હજાર રૂપિયા જેટલી ફી પરત આપવી પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. બે દિવસ પહેલા યુનિવર્સિટીએ એક્સટર્નલ વિદ્યાર્થીઓની ફોર્મ ભરવાની મુદત પુરી થતાં લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવાની જાહેરાત કરી હતી. જેમાં માત્ર સેમેસ્ટર-૬માં જ એક હજાર રૂપિયા લેઈટ ફી લેવાની હતી. બાકીના સેમેસ્ટરમાં માત્ર ૧૦૦ રૂપિયા લેઈટ ફી લેવાની હોવા છતાં તમામ સેમેસ્ટરના વિદ્યાર્થીઓ પાસેથી એક હજાર લેઈટ ફી વસૂલવામાં આવી હતી. હોબાળો થતાં હવે સેમેસ્ટર-૬ સિવાયના વિદ્યાથીઓને ફી પરત આપવાની જાહેરાત કરવામાં આવી છે. એક્સટર્નલ વિદ્યાર્થીઓને ૨૨મી માર્ચ સુધીમાં પરીક્ષા ફોર્મ ભરવાની મુદત આપવામાં આવી હતી. તારીખ પૂરી થયા બાદ દંડ સાથે ફોર્મ સ્વીકારવાની સૂચના આપવામાં આવી હતી. જે મુજબ સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓ પાસે એક હજાર રૂપિયા અને સેમેસ્ટર ૨ અને ૪ના વિદ્યાર્થીઓ પાસેથી માત્ર ૧૦૦ રૂપિયા લેઈટ ફી લેવાની હતી. પરંતુ પરીક્ષા વિભાગ દ્વારા દરેક વિદ્યાર્થી પાસેથી એક હજાર રૂપિયા લેઈટ ફી વસુલી હતી. આ મુદ્દે વિદ્યાર્થીઓએ રજૂઆત કરતાં સમગ્ર કામમાં થયેલી ગેરસમજ બહાર આવી હતી.

# ઈશ્વર, હું તને કોઈ જ વિનંતી નહીં કરૂં

ફિલ્મ : મતલબી દુનિયા
વર્ષ : ૧૯૬૧
નિર્માતા : ચેતના પ્રોડક્શન્સ
નિર્દેશક : રાધાકાન્ત અને મહેન્દ્ર ઠાકુર
સંગીતકાર : સુશાન્ત બેનર્જી, જયન્તી જોષી, ભરત મહેતા અને વર્મા
ગીતકાર : રમેશ ગુપ્તા
મુખ્ય કલાકાર : આશા અને અનન્તકુમાર
સહાયક કલાકાર : ધૂમલ, સતીષ વ્યાસ, દામુઅન્ના
ગાયક કલાકાર : મુકેશ, ગીતા દત્ત, તલત મહેમૂદ, અમીરબાઈ, સુલોચના ચૌહાણ, પુરુષોત્તમ કુલકર્ણી, પુરુષોત્તમ, પિનાકીન શાહ અને સાથીઓ
આ ગીતના સંગીતકાર : જયન્તી જોષી
આ ગીતના ગાયક : મુકેશ
ગીતના શબ્દો : કાંટો મેં રહેને વાલે, કાંટો સે ક્યા ડરેંગે...

ફિલ્મ 'મતલબી દુનિયા'માં ચાર-ચાર સંગીતકારો હતા. ચારેય અજાણ્યા, મુખ્ય અભિનેતા અને અભિનેત્રી પણ અજાણ્યાં. આ ફિલ્મ મેં જોયેલી નથી. આ ગીતના શબ્દો તથા ગાયક મુકેશનું ગાયેલું ગીત મેં અનેકવાર સાંભળેલું છે. ફિલ્મ વિષેની વિગત હું આપની પાસે રજૂ કરી શકું છું. તેનું કારણ છે શ્રી હરિશભાઈ રઘુવંશી અને હરમિંદરસીંઘ હમરાઝ. આ બંને વ્યક્તિઓએ અદ્‌ભૂત કામ કર્યું છે.



કાંટો મેં રહેને વાલે
કાંટો સે ક્યા ડરેંગે
હંસ હંસ કે આફતોં કા
હમ સામના કરેંગે,
કાંટો મેં રહેને વાલે...
હર હાલ મેં ખુશ હૂં મેં
કુછ ભી નહીં કહના હૈ
જીસ હાલ મેં રખે તુ
ઉસ હાલ મેં હી રહના હૈ

## ગીત-સંગીતની દુનિયા

**ભાર્ગવ હરનારાયણ ભટ્ટ**

મિન્નત નહીં કરેંગે
હમસે ના તુ યે કહના
ઓ આસમાન વાલે
ગફલત મેં તુ ના રહના
તેરે હી ફૈસલે કો મંજૂર હમ કરેંગે
કાંટો મેં રહેને વાલે...
ઠોકરેં ખા ખા કર,
ઈક દિન ખાક મેં મિલ જાયેંગે
પર તેરે ઝુલ્મો સિતમ
હમ ના ઝુબાં પર લાયેંગે
મરના તો એક દિન હૈ
ડરને સે ફાયદા ક્યા
શિકવા ગિલા કિસીકા
કરને સે ફાયદા ક્યા
રખા હૈ સોચ હમને
હંસતે હુએ મરેંગે
કાંટો મેં રહેને વાલે...

મહાત્મા ગાંધીએ પોતાના જીવનમાં માત્ર એક ફિલ્મ જોયેલી, તે હતી રામરાજ્ય. પ્રકાશ પિક્ચર્સના બૅનર હેઠળ નિર્માતા-નિર્દેશક વિજય ભટ્ટે આ ફિલ્મ બનાવેલી. આ ફિલ્મના ગીતકાર પણ રમેશ ગુપ્તા જ હતા. ફિલ્મ રામરાજ્યનાં બે ગીતો આજે પણ સાંભળી શકાય છે.

પહેલું ગીત ગાયિકા સરસ્વતી રાણેએ ગાયેલું : બિના મધુર મધુર કછુ બોલ.... અને બીજું ગીત કયા ગાયક કલાકારોએ ગાયું હતું તેની માહિતી નથી પરંતુ ફિલ્મમાં આ ગીત લવ-કુશ ગાતા હશે તેવું અનુમાન કરી શકાય : ભારત કી એક સન્નારી કી હમ કથા સુનાતે હૈં...

આ અદ્‌ભૂત ગીતના રચયિતા રમેશ ગુપ્તા જ કાંટો મેં રહેને વાલે...ના રચયિતા છે. સંગીતકાર જયન્તી જોષીની ધૂન પણ લાજવાબ હતી અને મુકેશના કંઠે તે ગીતને અમર બનાવી દીધું.

એક જીવ ઈશ્વરને કહે છે કે કાંટાઓથી ભરેલી આ દુનિયામાં તેં અમને જન્મ આપ્યો છે. કાંટા અર્થાત મુશ્કેલીઓ પણ તેં જ બનાવી છે. જેમાં જીવન પણ તેં જ આપ્યું છે. જીવનમાં જે જે મુશ્કેલીઓ આવશે તેનો સામનો હું હસતાં-હસતાં કરીશ. ઈશ્વરને જીવ કહે છે કે દરેક હાલતમાં હું ખુશ છું, આનંદિત છું. મારે કોઈ જ ફરિયાદ નથી. મારે કાંઈ જ કહેવું નથી. મને જે પણ દશામાં રાખીશ તે જ દશામાં હું રહીશ. હે ઈશ્વર, હું તને કોઈ જ વિનંતી નહીં કરૂં, મારાથી તું એ અપેક્ષા પણ ના રાખીશ અને આ માટે તું મને કોઈ સૂચના પણ ના આપતો. હે ભગવાન, તું પણ આવી કોઈ જ અપેક્ષા પણ ના રાખતો કે હું તને કોઈ જ વિનંતી કરું. તારે મને જે પણ હાલમાં, જે પણ દશામાં રાખવો હોય તે મને મંજૂર છે. આ જીવનમાં હું અનેક મુશ્કેલીઓનો સામનો કરતાં-કરતાં એક દિવસ મૃત્યુને પામીશ. પણ તેં મારી ઉપર જે જુલ્મ કર્યો છે, તેની કોઈપણ દિવસ તને ફરિયાદ નહીં કરું. આ જન્મ-મરણના ફેરા તો ચાલ્યા જ કરવાના. મરવાથી વળી ડરવાની શી જરૂર છે ? કોઈની પણ સામે કોઈપણ પ્રકારની ફરિયાદ કરવાથી મને શું મળવાનું છે ? મેં તો એવું વિચારી લીધું છે, મેં તો એવો સંકલ્પ કરેલો છે કે હું હસતાં-હસતાં જીવનનો ત્યાગ કરીશ.